સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

સૂતા રહે છે સીમાડા ને 'ટનલો' સર્જાઈ જાય છે,
ફૂંકે ભૂંગળો બણગા, સાવચેતી લગાઈ જાય છે.
થાય છે ભવાઈ સજાગ સેનાની ભવાઈના ભોગે,
સંવાદના ઘોનમાં ગામના ગામ બંધાઈ જાય છે...
(પાકિસ્તાને બંકરો-ચીનાએ ગામ બાંધ્યું)

હાઈકુ

બનાવે મૂર્ખ!
પડોશી દેશો પણ -
મોટા 'ભા' કરી!!

'રાજ'નાથની -
ઠરે છે હાસ્યાસ્પદ -
વિદેશનીતિ !

ચિંતન

યજ્જાગ્રતો દૂરમુદૈતિ દૈવં તદુ સુપ્તસ્ય તથૈવૈતિ ।
દુરગમ જ્યોતિષાં જ્યોતિરેકં તન્મે મનઃ શિવસંકલ્પ મસ્તુ ॥

ઉપરોક્ત શ્લોક યજુર્વેદમાંથી લેવામાં આવેલ છે.

આપણા મનની શક્તિ અનંત છે. તે જાગ્રત અને સુષુપ્ત અવસ્થામાં પણ હંમેશા કાર્યરત જ રહે છે. તે જ્યોતિસ્વરુપ છે, પરંતુ મલિનતાના આવરણથી ઢંકાયેલું છે.

આપણું મન દિવ્યશક્તિ રૂપ છે, તે ખૂબ જ બળવાન અને કાર્યશીલ છે. ક્ષણે ક્ષણે તે કોઈને કોઈ વિષય પર સંકલ્પ-વિકલ્પ, ચિંતન-મનન, તર્ક-વિતર્ક વગેરેમાં અટવાયેલું રહે છે. ચોવીસ કલાક મન કંઈક ને કંઈક કરતું જ રહેછે. અને એક ક્ષણમાં જ પ્રકાશની ગતિ કરતાં વધારે વેગથી ક્યાનું ક્યાં પહોંચી જાય છે.

જેનું મન પોતાના કાબૂમાં હોય છે. તેની બધી જ ઈન્દ્રિયો સારથિના સુઘરી ગયેલા અને સ્થિર બનેલા ઘોડાની જેમ વશમાં થઈ જાય છે. વિવેકપૂર્ણ, મનને વશ કરનારા શુદ્ધ અને પવિત્ર વિચારો કરે છે તેઓ પોતાના સત્કર્મોના ફળસ્વરુપે મોક્ષને પ્રાપ્ત કરે છે.

સુવિચાર

- વો લોગ ભી ચલતે હૈ આજકાલ તેવર બદલ કર,
  જિન્હેં હમને હી સિખાયા થા ચલના સંભલ કર - **આશિષ કર્માકર**
- આનંદની અંતિમ સીમા આંસુ છે - **ઓશો**
- સરળતા અને સાધુતા જન્મજાત હોય છે, સાધારણ હોવામાં જ અસાધારણતા છે - **મોરારિ બાપુ**
- કૃપા છે બંધ આખો, કરુણા છે ઉઘાડી આંખો. કૃપાનું વાદળ વરસવા લાગે ત્યારે એ કરુણાનું રૂપ ધારણ કરે છે - **જીવન પાથેય**
- પાઈન વૃક્ષ જયાં ઉગે છે, ત્યાં જ સુંદર લાગે છે - **રશિયન કહેવત**
- જે માણસ ન્યાયને માર્ગે ચાલે છે તેને તો પક્ષીઓ પણ સહાય કરે છે જયારે આડે માર્ગે જનારને તો સગો ભાઈ પણ છોડી જાય છે - **અમૃત બિંદુ**
- આજનું ઔષધ : કાળી દ્રાક્ષનો તાજો જ્યુસ ૨૦૦ મિલિ એમાં એક ચમચો મધ ઉમેરી રોજ સવારે પીવાથી હિમોગ્લોબીન વધે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક ગામમાં કૂતરાઓનો ત્રાસ વધી ગયો હતો. લોકો જે રોટલી, ભાખરી, ગાય, ભેંસ, બકરાં કે બિલાડીને માટે નાખતા. એ ભોળા પ્રાણીઓનો ખોરાક મળતો બંધ થઈ ગયો. આથી ગાય, ભેંસ, બકરા અને બિલાડીની એક ખાનગી મીટીંગ મળી. આ સૌની આગેવાની લઈને બિલાડીએ કહ્યું, 'આપણે ગમે તેમ કરીને આ કૂતરાઓને ભગાડવા જ રહ્યા. એ કામ કરવા માટે આપણે હુમલો પણ કરવો પડે.તો આપ સૌ છો તૈયાર ?? સૌ એ 'હા' પાડી. બીજા દિવસે રાત્રે ચાર રસ્તા પર જયાં સૌ કૂતરા હાજર હતા ત્યાં પહોંચ્યા. બિલાડીએ ગાયને ઈશારો કર્યો. પણ ગાય તો આગળ આવી જ નહીં. એણે તો વળી ભેંસને ઈશારો કર્યો. ભેંસે બકરીને ઈશારો કર્યો. બકરી પણ હુમલો કરવા આગળ વધી નહીં. એણે બિલાડીને કહ્યું, 'કૂતરાઓ પર હુમલો કરવાનો પ્રસ્તાવ તમારો જ હતો. એટલે હવે જા, બિલ્લી કુત્તે કો માર.' હકીકતમાં બિલાડીમાં તો કૂતરા પર હુમલો કરવાની તાકાત જ નહોતી. આ બાજુ પ્રાણીઓની મીટીંગની હિલચાલ જોઈ કૂતરાઓ સતર્ક થઈ ગયા. અને એમણે જ હુમલો કરીને આ બધાને ભગાડી મૂક્યાં. એક બીજા પર કામ ઢોળવા લાગે ત્યારે કામ થતું નથી. અને જે થાય છે એ પણ બગડે છે, આપણે સૌ પણ જીવનમાં ક્યારેક આવા અનુભવમાંથી પસાર થવું પડે છે.

રસીનો આશાવાદ ઉષ્માપ્રેરક

તંત્રીસ્થાનેથી...

આખરે સરખેજ-ગાંધીનગર હાઈવે સ્થિત સોલા સિવિલમાં કોરોનાની હૈદરાબાદમાં તૈયાર થયેલી આત્મનિર્ભર રસીના ટ્રાયલ શરૂ થઈ ગયા છે તે ઓછું આશ્વાસન નથી. કોવિડ-૧૯ સામે ઝીંક ઝીલવા વિકસિત, વિકાસશીલ અને અલ્પ વિકસિત તમામ દેશો પોતપોતાના ગજા મુજબ તૈયારીઓમાં પડ્યા છે. રશિયાએ વિકસાવેલી અને ટ્રાયલ તબક્કામાંથી પસાર થઈ રહેલી રસીઓ ચીનમાં તો પ્રયોગ પણ શરૂ થઈ ગયો છે. રશિયાના સર્વોચ્ચ નેતા વ્લાદિમીર પુતિને પોતાની દીકરી પર જ એનો સૌપ્રથમ અખતરો કર્યો એ સૂચવે એછે કે એ રસી કે જેનું નામકરણ રશિયાએ એના ઐતિહાસિક અંતરીક્ષ યાન - સ્પુતનિક પરથી રાખ્યું છે તે સો ટકા સલામત જ હશે. અમેરિકાની ચૂંટણીનો મુખ્ય મુદ્દો જ કોવિડ-૧૯ સામેની લડતમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની બેદરકારીના પગલે વધી ગયેલા કેસ અને બેશુમાર મરણાંક બની રહ્યો હતો. પ્રતિસ્પર્ધી ડેમોક્રેટ ઉમેદવાર જો બાઈડને ચૂંટાતાંની સાથે કોરોના પૉલિસી હાથ ધરી છે. અમેરિકા એના દરેક નાગરિકને રસી મફત ઉપલબ્ધ કરાવનાર છે. વચન તો એવું જ આપણા વડાપ્રધાન પણ આપી ચૂક્યા છે પરંતુ પાછી પેલી સંસ્કૃત ઉક્તિ યાદ આવે છે : વચનેષુ કિં દરિદ્રતા ? વચનો આપવામાં આપણા નેતાઓ શૂરાપૂરા છે જ. 'ખરાની ખળે ખબરું હોય - એમ તોળાંદે કહે છે જી !' - સમય બહુ ઝડપથી સરી રહ્યો છે. જોતજોતામાં કોરોના કહેરની વરસી પણ આવી જશે આગામી ફેબ્રુઆરીમાં. શું ત્યાં સુધીમાં દેશી કે વિદેશી, મફતવાળી કે ખરીદીને મેળવી શકાય એવી કોઈ અસરકારક રસી આ દેશની દુખિયારી, ડરી ડરીને અને મરી મરીને જીવી રહેલી પ્રજાને ઉપલબ્ધ થશે ખરી? રાહુલ ગાંધી જેમ આપણે રસીનું રાજકારણ નથી કરવું કે એનું મોદીબ્રાન્ડ નામકરણ પણ નથી કરવું. આપણને તો રસી અને તે પણ પરિણામદાયક બની રહે એવી રસી - દુનિયા આપણી 'હંસી' (હાંસી) ના ઉડાવે એવી રસી ખપે છે. સોલા સિવિલમાં અને અન્યત્ર સ્વયંસેવકોને નામ નોંધાવ્યા છે. અને એમાં વિદ્યાર્થીથી લઈ વેપારી સુધીની તથા મહિલાઓ સુધીની વ્યક્તિઓ સામેલ છે. ત્રીજો ટ્રાયલ પૂરો થતાં પૂરું એક વરસ લાગવાનું છે ત્યારે શું અન્ય સ્ટાન્ડર્ડ વેક્સીન બજારમાં ના મૂકી શકાય? વિદેશી કંપનીઓ ભારતી ફાર્મા ઉદ્યોગના સહયોગમાં એમની રસી તૈયાર કરી રહી છે. એટલે 'આત્મનિર્ભર' થવાના આદર્શનો આદર કરીને આપણે વહેલી તે પહેલીના ધારણે જયાંથી મળે ત્યાંથી જીવનરક્ષક રસી મેળવી લેવી જોઈએ. કોરોના પ્રત્યે બેદરકાર રહેવાનું જેવું નથી એટલું તો હવે આમ પ્રજા પણ સમજતી થઈ ગઈ છે. સરકાર કોરોના વાઈરસને નાથવા ઈમાનદારીથી પૂરાં પ્રયાસ કરી છે પણ જયાં સુધી પ્રજાને એની ગંભીરતા નહીં વરતાય ત્યાં સુધી બધા પ્રયત્નો વાંઝિયા જ નીવડશે. ફક્ત સૂત્રો આપવાથી વાઈરસ હટવાનો નથી. એનો કારગત ઉપાય તો વિજ્ઞાન જ કરી શકે, ભગવાન પણ નહીં. પોલિયો અને શીતળા કે હડકવા જેવા જીવલેણ વાઈરસ જન્ય રોગો પર નિયંત્રણ મેળવી શકનાર કાળા માથાનો માનવી આજે નહીં તો કાલે આ રાક્ષસી ચીની વાઈરસ સામે પણ કારગત રક્ષાકવચ ઊચું કરી માનવ જાતિના અસ્તિત્વ સામે ઊભું થયેલું જોખમ નિવારીને જ જંપશે. એ દિશામાં આખી દુનિયાની તમામ શક્તિઓએ સીમાડા ભૂલીને એક થવાની જરૂર છે. કમનસીબે આપણે એ સીમાડાઓને જ માનવજીવન કરતાં વધુ પ્રાયોરિટી આપતા રહીએ છીએ. નહીંતર ચીન અને અમેરિકા સાથે ભારત અને પશ્ચિમના દેશો મળીને એક વર્લ્ડક્લાસ પ્રોજેક્ટ કોરોનાની રસી માટે ન કરી શકે કે? પરંતુ ઉમાશંકરના સૉનેટની છેલ્લી પંક્તિ જ અમલી બનતી વરતાય છે : અરે, એ તે ક્યારે ? - ભસમ સહુ થૈ જાય પછીથી ?

સુબક કા ભૂલા અગર શામ કો ઘર આ જાયે ના તો ઉસે ભૂલા નહીં કહતે...

સુબક કા ભૂલા અગર શામ કો ઘર આ જાયે ના તો ઉસે ભૂલા નહીં કહતે...

ડાયલોગથી દેવભાષા
ડો. જય ઓઝા

હીરો નંબર-૧

આ સંવાદ ૧૯૯૭ની સુપરહીટ ફિલ્મ 'હીરો નંબર-૧' નો છે, ડેવિડ ધવન અને ગોવિંદાની જોડી બોલીવુડ પર રાજ કરતી હતી. ઋષિકેષ મુખર્જીની સદાબહાર ફિલ્મ 'બાવર્ચી'નું આધુનિક રૂપાંતરણ એટલે 'હીરો નં.૧' રુમી જાફરી દ્વારા લખાયેલ આ ફિલ્મની કથામાં આ સંવાદ અઢળક ફિલ્મોમાં અગાઉ બોલાઈ ગયો છે, અને હજી આગળ પણ ભવિષ્યમાં પણ આ સનાતન સત્ય રજૂ કરતો સંવાદ આપણને સાંભળવા મળવાનો જ છે. ફિલ્મમાં આ સંવાદ ગોવિંદા પરેશરાવલની પૌત્રીને ગુંડાઓથી બચાવ્યા બાદ કહે છે. લગભગ દરેક ૧૦મી ફિલ્મમાં અને આપણી લોકબોલીમાં પણ આ પંક્તિ રૂઢિપ્રયોગ રુપે છાશવારે આપણે પ્રયોગમાં લઈએ છીએ....

આ લોકપ્રિય સંવાદ 'કથાસરિત્ સાગર' માં આશરે ઈ.સ. ૧૦૬૩ થી ૧૦૮૧ની વચ્ચે સોમદે દ્વારા લખાયો છે. આ ગ્રંથ ૧૮ લંબકમાં વિભક્ત છે.

दिवसे मार्गभान्तः सन्ध्यां यावद् यदि गृहम् ऊपैति तदपि वरम् । ना असो भ्रान्तो मन्यते ।

- દિવસે માર્ગ ભૂલેલો વ્યક્તિ જો સાંજે ઘરે પાછો આવે તો તે પણ શ્રેષ્ઠ જ છે, તેને ભૂલેલો નથી કહેતા. છે ને! ડિઝ્ટો ડાયલોગ. કથાસરિત્ સાગરમાં સાતમાં લંબકમાં 'સિક્તા સેતુ' નામક કથામાં આ સંવાદ આવે છે.

પંડિત સોમદેવે કાશ્મીરના રાજા અનન્તની રાણી સૂર્યમતિના મનોવિનોદ માટે આ ગ્રંથ આજથી લગભગ હજાર વર્ષ પહેલાં લખાયો છે.

કથાસરિત્ સાગર 'અલિફ લૈલા'ની વાર્તાઓથી અતિ પ્રાચીન ગ્રંથ છે, અને અલિફ લૈલા (અરબી વાર્તાગ્રંથ) ની અનેક વાર્તાઓનું મૂળ કથાસરિત્ સાગરમાં મળી આવે છે.

પશ્ચિમી વિવેચક પેંજર કહે છે કે માત્ર ઈરાન અને તુર્કી લેખકો જ નહીં બોકેશિયો (ઈટાલી) ચોસર (ઈંગ્લેન્ડ) તથા લા ફાતેન (ફ્રાંસ) જેવા વિશ્વલેખકોને પણ કથાસરિત્ સાગર દ્વારા જ પોતાની કલ્પના શક્તિને નીખારવાની તક સાંપડીછે. આપણે વાર્તાપ્રિય લોકો છીએ... કથા કહેનાર અને બનાવનાર બંને પાછળ આપણે ગાંડા થઈ જઈએ છીએ.... કેમ બરોબર ને!

- jayuoza@gmail.com, Mo.9898046488

ચતુર્થ ઓનલાઈન હિન્દી કવિ સંમેલન યોજાયું

'વૃત્તસંચય'



સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

● ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા સમયાંતરે યોજાતા ભિન્ન ભિન્ન સાહિત્યિક કાર્યક્રમો અંતર્ગત; આ વર્ષે સભ્યોની વિવિધ સાહિત્યિક રચનાઓનો એક બેનમૂન દીપોત્સવી વિશેષાંક 'શબદ' બહાર પાડવામાં આવ્યો,જેમાં સાહિત્ય સભાના સભ્યશ્રી અને આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો શુભ સંદેશ અને તેઓની કવિતા 'પૃથ્વી આ રમ્ય છ'નો સમાવેશ થયેલ છે ; તે દીપોત્સવી વિશેષાંકનો વિમોચન સમારોહ દબદબાભેર ઉજવવાનું નક્કી કરાયેલ, પરંતુ કોરોના વૈશ્વિક મહામારીને અનુલક્ષીને, તદ્દન સાદાઈથી, ફક્ત કારોબારી સભ્યોની ઉપસ્થિતિમાં જ, માસ્ક અને સેનેટાઈઝરની વ્યવસ્થા સાથે, ડિસ્ટન્સ જાળવીને અંકનું વિમોચન કરવામાં આવ્યું હતું.આ અંક દરેક સભ્યને ઘેરબેઠાં મળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

● ખંભોળજ સાહિત્ય સેવા સંસ્થાન દ્વારા ઓનલાઈન ચતુર્થ હિન્દી કવિ સંમેલન, મુખ્ય મહેમાન ફાધર રેવ. ફાધર ટાઈટસની ઉપસ્થિતિમાં,તા. ૨૪મી નવેમ્બર,૨૦૨૦ ના રોજ યોજાઈ ગયું;જેમાં આવકાર ફાધર અરૂણ દ્વારા, પ્રાર્થના શિવાંગ દવે દ્વારા અને મહેમાન પરિચય અધ્યક્ષશ્રી શૈલેષ વાણીયા 'શૈલ' દ્વારા આપવામાં આવ્યો હતો. મંચ સંચાલન આરતી તિવારી, દિલ્હી દ્વારા; સહસંચાલન નીલેશ રાઠોડ અને આભાર દર્શન પ્રિતી પરમાર 'પ્રિત' દ્વારા કરવામાં આવ્યું હતું. રાજ્યના ૧૦૧ કવિઓએ પોતાની રચનાઓ મંચ પર મૂકી હતી.

(M) 9824236893
- muljibhaidadhi@gmail.com

ત્રિભોવનદાસ તથા ડો.કુરિયનની પાવન સ્મૃતિ

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

વિદેશમાં શિક્ષિત થઈને આવેલા યુવાન વર્ગીસ કુરિયન ભારત સરકારના મંત્રાલયમાં નોકરીની પૂછપરછ માટે જાય છે. ભારત સરકારની શિષ્યવૃત્તિ મેળવીને વિદેશમાં ડેરી એન્જિનીયરીંગ ભણીને આવેલા કુરિયન માટે સરકારની નોકરી અનિવાર્ય હતી. મંત્રાલયના ઉપસચિવ કુરિયનને કહે છે: ''તમારે આણંદ જવાનું છે.લ્લલ્લ આણંદ વિશેની કોઈ પણ પ્રકારની જાણકારી ન ધરાવનાર યુવાન કુરિયન કહે છે : ''આણંદ ક્યાં છે ?'' અંડર સેક્રેટરી કહે છે: ''મુંબઈ આસપાસ કોઈ જગાએ!'' અને ત્યારબાદ મિશિગન સ્ટેઈટ યુનિર્વસીટીમાં ભણેલા આ કેરાલા રાજ્યના યુવાન destiny ના કારણે તે સમયના ધૂળિયા નગર આણંદમાં ૧૯૪૯માં પહોંચે છે. વિધિનો આ અસાધારણ યોગાનુયોગ હશે. ત્રિભુવનદાસ પટેલ જેવા વટવૃક્ષ સમાન વ્યકિતત્વ ધરાવતા મહાનુભાવ સાથે રહીને આણંદને વિશ્વના નકશા પર મૂકનાર કુરિયન આ રીતે આણંદમાં આવી ચડ્યા તે એક ઐતિહાસિક ઘટના છે. દેશના અન્ય રાજ્યો તેમજ વિશ્વના અનેક દેશોએ ''આણંદ પેટર્ન'' નો અભ્યાસ કર્યો તથા તેનું અનુકરણ કર્યું. દૂધ ઉત્પાદકોના આર્થિક કલ્યાણ માટે સહકારી ધોરણે હાથ ધરવામાં આવેલી દૂધ તથા દૂધમાંથી બનેલી વિવિધ વાનગીઓના વેપાર માટેની યોજનાઓ તથા તેનો વિકાસ ગુજરાતની એક નવી ઓળખ બની રહી. ગુજરાતને તેમજ સમગ્ર દેશને ગૌરવ અપાવી શકે તેવી આ પ્રભાવશાળી ઘટના આપણાં આર્થિક વિકાસના ઈતિહાસનું ઉજવળ પ્રકરણ છે.

શહેરીકરણના નિરંતર વૃધ્ધિ પામતા વ્યાપ સામેના અનેક કડવા લાગે તેવા વાસ્તવિક પરીણામો COVID-19 ની ઘટનાને કારણે અનેક લોકો ગંભીરતાથી વિચારતા થયા. શહેરીકરણ કે સત્તા – સંપત્તિના કેન્દ્રીકરણની કેટલી અણધારી તેમજ બીહામણી અસરો જોવા મળી. પેટનો ખાડો પૂરવા માટે દૂર – સુદૂરના વિસ્તારોમાંથી શહેરોમાં આવીને વસેલા મજૂર તથા કારીગર વર્ગને આપણે 'સ્થાયીલ્લ થયેલા લોકો ગણતા હતા. શહેરોની સંપત્તિ સર્જનનો નાનો એવો ભાગ પણ આ 'મૂળસોતા ઉખડેલાંલ્લ લોકોને મળે તેની કાળજી રાખ્યા સિવાય આપણે તેમના સંબંધમાં કેટલીક મનગમતી ધારણાઓ બાંધીને બેઠા હતા. પરંતુ કોવિડ-૧૯ના વિનાશક વાવાઝોડાએ આ સ્વકેન્દ્રી ધારણાઓના મૂળમાંજ પ્રહાર કર્યો. ઉત્પાદનના એક મહત્વના તથા તેમજ અનિવાર્ય હીસ્સા સમાન મજૂરોની વતન ભણીની દોટને કારણે શાસન તેમજ ઉદ્યોગપતિઓ આ અણધારી સ્થિતિના કારણે અકળાયા. સામી બાજુ ગામડા તરફ વગર વિચારી દોટ મૂકનાર આ મુંગા શ્રમિકોને વતનમાં ગયા પછી ઉજવળ ભાવિનું દૂર દર્શન પણ ન થયું. એક ઘટનાથી શહેરીકરણના વિશ્વવ્યાપી વલણને સમગ્રતયા છોડી ન શકાય તો પણ તે અંગે પુનઃવિચાર કરવાની વાત અનેક અભ્યાસુ લોકોએ જૂદી જૂદી રીતે કરી. પણ ગામોમાં રહેતો તેમની આવક ઉપાર્જન માટે કોઈ ટકાઉ તથા આધારભૂત વ્યવસ્થા કરી શકાય કે કેમ ? મુખ્યત્વે કૃષિ તેમજ પશુપાલનના પેઢી દર પેઢીથી ચાલતા વ્યવસાયની અનિશ્ચિતતાઓને કઈ રીતે ખતમ નહિ તો નિયંત્રિત કરી શકાય ? આ સમસ્યાનો ઉકેલ સરદાર પટેલે સાતથી આઠ દાયકા પહેલા આણંદના ત્રિભોવનદાસ પટેલને સમજાવ્યો હતો. તે ઉકેલ ત્રિભોવનદાસની પ્રેરણા તથા હૂંફથી ડૉ. વર્ગિઝ કુરિયન સફળતાથી ભૂમિગત કરી શક્યા. એક સવાયા ગુજરાતી કુરિયનનું આ સહકારી માળખું ભારતભરમાંજ નહિ પરંતુ વિશ્વમાં પ્રતિષ્ઠા પામ્યા. મહેસાણા - બનાસકાંઠા કે સાબરકાંઠા જેવા ARID ZONE ના વિસ્તારોનો મોટો ગ્રામ્ય સમૂહ સહકારી માળખાની આ દૂધ મંડળીઓના માધ્યમથી આબાદ થયો. સ્વાવલંબી થયો. આથી કુરિયનની સ્મૃતિ કદી વિસ્મૃત થાય તેવી નથી.

ડૉ.કુરિયનનો જન્મ ૧૯૨૧ની નવેમ્બરની ૨૬મી તારીખે કાલિકટ (કેરાલા)માં થયો હતા. કેરળના આ વર્ગીસ કુરિયન કાકાસાહેબની જેમ 'સવાયા ગુજરાતી' થઈને ''ગુર્જર ભારતવાસી'' બની રહ્યા. ગુજરાત તેના મજબૂત પંચાયત રાજ્યના માળખા માટે તેમજ સહકારી પ્રવૃત્તિના વિકાસ માટે દેશનું અગ્રણી રાજ્ય ગણાય છે. સહકારી પ્રવૃત્તિના માળખામાં દૂધ સહકારી મંડળીઓનો વિકાસ એ નોંધપાત્ર અને સફળ પ્રયોગ ગણાય છે. સહકારી પ્રવૃત્તિના વિવિધ સ્વરૂપો તરફ નજર કરીએ ત્યારે અલગ અલગ ક્ષેત્રમાં ત્રિભુવનદાસ પટેલ, વૈકુંઠભાઈ મહેતા, પ્રમોદભાઈ દેસાઈ, જયરામભાઈ પટેલ તથા વલ્લભભાઈ પટેલ (રાજકોટ) જેવા યશસ્વી નામો નજર સમક્ષ તરવરે છે. શહેરી બેંકોમાં અરવિંદભાઈ મણીયાર (રાજકોટ) તેમજ વિઠ્ઠલભાઈ પટેલ (દહેગામ) અને બળદેભાઈ પટેલ (અમદાવાદ) જેવા અનેક સમર્પિત લોકોએ પોતાની દીર્ઘદૃષ્ટિથી પાયાનું યોગદાન આપેલું છે.

આજે પણ એ બાબતનો ઉલ્લેખ અવારનવાર કરવામાં આવે છે કે ખેત પેદાશોનું પોષણક્ષમ વળતર ખેત ઉત્પાદકોને મળતું નથી. બીજા છેડે ગ્રાહકને પણ વાજબી કિંમતથી વિવિધ પ્રકારની ખેત પેદાશો મળતી નથી. બટાકાના વિપુલ ઉત્પાદન પછી ઉત્તર ગુજરાતના તેના ઉત્પાદકો પોતાની તમામ મહેનતથી પેદા કરવામાં આવેલ બટાકાનો ઓછી કિંમતે ફરજિયાત નિકાલ (Distress sell) કરવો પડે છે. આ બાબતના અહેવાલો પણ અવારનવાર પ્રસિધ્ધ થતા રહે છે. સૌરાષ્ટ્ર તથા કચ્છના અનેક કપાસ ઉત્પાદકોની પણ આવી જ ફરિયાદ રહે છે. કપાસનું સારું ઉત્પાદન થાય પરંતુ તેના વાજબી ભાવ ખેડૂતોને ન મળે તો ખેડૂત ઠેરનો ઠેર રહે છે. જેમણે આપણી વચ્ચેથી ચિરવિદાય લીધી તેવા સનતભાઈ મહેતા આ પ્રશ્નના તલસ્પર્શી અભ્યાસુ હતા. તેઓ આ વિપુલ ઉત્પાદનની સ્થિતિને problems of plenty તરીકે ઓળખાવતા હતા. સનતભાઈ ઉત્પાદકોનું હિત જળવાય તે માટે આજીવન સક્રિય રહ્યા હતા. ડૉ. કુરિયન તથા ત્રિભુવનદાસ પટેલની જોડીએ દૂધ ઉત્પાદકોની સરખા પ્રકારની જ સમસ્યા સમજીને તેના નિવારણ માટે એક ઠોસ વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરવાનો આયોજનબધ્ધ પ્રયાસ કર્યો. દૂધ ઉત્પાદકોની સહકારી મંડળીઓ તેમજ સહકારી સંઘો મજબૂત બનીને દૂધ ઉત્પાદકોનું હિત જાળવવાના તમામ પ્રયાસો કરે છે. ત્રિભોવનદાસ પટેલ તેમજ ડૉ. કુરિયનની જીવંત સ્મૃતિ આપણાં દૂધ મંડળીઓના મજબૂત માળખાથી થઈ શકે છે.

સમાજવ્યવસ્થામાં કોઈ પણ શોષણને સ્થાન ન હોઈ શકે

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

કેળવણી અંગે ગાંધીજીની જીવન ફિલસૂફી

કોઈ પણ સમાજ પિતાની નજર સામે જે ધ્યેય રાખે છે, તે તેની પ્રતિનિધિરૂપ વ્યક્તિઓ પિતાના વૈયક્તિક વિકાસ અને સિદ્ધિ અર્થે જે ધ્યેય પિતાની નજર સામે રાખતી હોય છે, તેને અવશ્ય અનુસરતું હોય છે. વ્યક્તિના ધ્યેય ઉપર તેના ઊગમ તથા અંત બાબત જે ખ્યાલ સ્વીકારવામાં આવતું હોય છે, તેની પ્રબળ અસર પડતી હોય છે. ગાંધીજી વ્યક્તિનો ઊગમ આધ્યાત્મિક માને છે. તેથી કરીને તેના અંતિમ પ્રયોજનને પણ તે આધ્યાત્મિક માને છે; ભૌતિક હરગિજ નહીં. તેને જે એ લક્ષ્ય પાર પાડવું હોય તે પછી તેણે પોતે જ પોતાના સાધ્યરૂપ બની રહેવું જોઈએ. તેની બહારના બીજા કઈ સાધ્યના સાધન તરીકે તેનો ઉપયોગ ન કરી શકાય. તે વ્યક્તિએ પણ પછી બીજી વ્યક્તિઓને કે સમાજને પિતાને એ રીતનો ઉપયોગ ન કરવા દેવો જોઈએ. તેણે પોતાનું આધ્યાત્મિક ધ્યેય અલબત્ત સમાજમાં રહીને જ સિદ્ધ કરવું જોઈએ; પરંતુ જે તેનું સર્વોત્તમ કલ્યાણ અમુક સમાજ વ્યવસ્થા હેઠળ સિદ્ધ ન થઈ શકતું હોય, તે તેની સામે બળવો કરી પિતાને માટે નો માર્ગ રચી કાઢવાને તેને હક છે; અરે, તેનું કર્તવ્ય છે. પરંતુ આ બળવો પણ માત્ર વૈયક્તિક હેતુસર નહીં, પરંતુ સામાજિક હેતુસર પણ હવે જોઈએ.

આ સંદર્ભે આચાર્ય જીવરામ કૃપાલાણી વધુ સમજાવે છે : જડવાદીઓ વ્યક્તિનું પોતાનું કશું સ્વતંત્ર પ્રયોજન સ્વીકારતા નથી. વસ્તુતાએ તેમને મતે વ્યક્તિનું આજે જે અસ્તિત્વ દેખાય છે, તે તાત્કાલિક અસ્તિત્વથી પર બીજું કાંઈ અસ્તિત્વ જ નથી. શરીરના નાશની સાથે તેને પણ નાશ અને ઉચ્છેદ થાય છે. તેને પછી આગળના જીવન સાથે કશો સંબંધ કે સળંગસૂત્રતા નથી, વૈયક્તિક અમરતા જેવી કોઈ વસ્તુ જ નથી. સમાજ એ સતત ચાલનારી વસ્તુ છે, અને એ રીતે તેમને તે તેને એક પ્રકારની અમરતા છે. આ અમરતા અનંત અને શાશ્વત પ્રગતિમાં રહેલી છે. આ પ્રગતિ એટલે પ્રકૃતિ ઉપર હરહમેશ વધતો જતે કાબૂ અને તેને પરિણામે નીપજતાં સંસ્કારિતા અને સુધારા (જોકે આજના સમાજમાં એ વસ્તુઓ બહુ સ્પષ્ટ દેખાઈ આવતી નથી). વ્યક્તિ તો નાશ પામે છે - મરી જાય છે, પરંતુ સમાજ સતત કાયમ રહે છે, તથા પ્રગતિમાન રહીને હંમેશાં ઊંચી ઊંચી કક્ષાએ પહોંચ્યા કરે છે. એ પ્રગતિને અંત થી કે ન હોઈ શકે. વ્યક્તિઓએ તેથી કરીને ખસૂસ એ સમાજની સિદ્ધિઓમાં સાધનરૂપ બનવું જોઈએ. તેઓ પોતાના સ્વતંત્ર અસ્તિત્વનો દાવો ન કરી શકે. જેમ જેમ સમાજ આગળ વધે છે, તેમ તેમ ભવિષ્યની વ્યક્તિઓ આજ કરતાં વધુ સમૃદ્ધ, વધુ પરિપૂર્ણ અને વધુ ઉચ્ચ જીવન જીવશે. પરંતુ વ્યક્તિ માટે અહીં આ જીવનમાં અંતિમ સિદ્ધિ જેવી, કે મૃત્યુ બાદ અમરતા જેવી કઈ વસ્તુ નથી. સમાજને આગળ ધકેલવામાં તે મદદ કરે એટલે તેનું કામ પૂરું થયું કહેવાય. અલબત સમાજ માટે પણ અંતિમ સિદ્ધિ જેવી કઈ વસ્તુ નથી. તેનું લક્ષ્યબિંદુ હંમેશાં આગળ ને આગળ જ ખસતું જાય છે! જોકે, કેઈ પણ માણસ પોતાની સર્વ આશાઓ અને ભય, કેસેટીઓ અને વેદનાઓ, તથા સુખ અને દુઃખ સાથે એ જાતનું ધ્યેય, કે જે પિતાની બહાર રહેલું છે, જેને માટે તેને શ્રમ કરવો પડે છે તથા દુઃખ સહન કરવો પડે છે, અને છતાં જેના વિજયને પોતે વ્યક્તિ તરીકે કઠી સાક્ષી બની શકવાને નથી કે તેને આનંદ માણી શકવાનો નથી - એવા ધ્યેયથી કદી સંતોષ પામી શકે કે કેમ, એ પ્રશ્ન આપણા આ અભ્યાસની મર્યાદા બહારને હાઈ તેને આપણે આટલેથી પડતો મૂકીને આગળ ચાલીએ.

ગાંધીજીને મને તે વ્યક્તિએ પોતાની પરિપૂર્ણતા આધ્યાત્મિક લયવાળા સમાજમાં રહીને સાધવાની છે. એ સમાજ એવા સિદ્ધાંત ઉપર રચાયો હોવો જોઈએ કે જે સિદ્ધાંતો વ્યક્તિને તેના અંતિમ આધ્યાત્મિક ધ્યેય તરફ લઈ જાય. એ સિદ્ધાંત ટકમાં જણાવીએ તે પ્રેમ, અહિંસા, સત્ય અને ન્યાય છે. આ સિદ્ધાંત ઉપર રચાયેલી સમાજવ્યવસ્થામાં આર્થિક, સામાજિક, રાજકીય, અથવા ધાર્મિક શોષણને પણ સ્થાન હોઈ શકે નહીં. આર્થિક ક્ષેત્રમાં જ બીજાનું શોષણ સંભવે છે, એવું કાંઈ નથી. સત્તા અનેક ક્ષેત્રોમાંથી પ્રાપ્ત કરી શકાય. અને તે પછી તેની મારફત કમનસીબ કે નિર્બળ લોકોનું શોષણ અનેક રીતે થઈ શકે છે એ ગાંદી બહુ સ્પષ્ટ સમજ્યા હતા. શોષણ વિહિન સમાજ રચનામાં વિશ્વાસ ધરાવતા મહાત્મા ગાંધીના કેળવણીના પાયાથી જ સમાનતા જડવાના પ્રયાસોથી વાત હવે પછીના લેખમાં જોઈશું.